| GJAR040013132025 | | કેસ દાખલ થયાની તા. | ૦૯/૧૦/૨૦૨૫ |
|---|---|---|---|
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૯/૧૦/૨૦૨૫ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૧૬/૦૫/૨૦૨૬ |
| | | સમયગાળો: વર્ષ-૦૦ , મહિનો-૦૭ , દિવસ-૦૭ | |

---

**મેઘરજ તાલુકાના મહેરબાન એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ મેઘરજ**

---

**ફોજદારી કેસ નંબર : ૧૦૮૬/૨૦૨૫**

**આંક :**

---

**ફરીયાદી : શ્રી સરકાર**

મેઘરજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૮૮૦૦૭૨૫૦૧૪૭/૨૦૨૫

**૦ વિરૂધ્ધ ૦**

**આરોપીઓ :** (૧)ઉદાભાઈ પુંજાભાઈ કોટવાળ

(૨)લાલાભાઈ સ/ઓ રાયચંદભાઈ ડાહ્યાભાઈ કોટવાળ

(૩)સુખીબેન વા/ઓ રાયચંદભાઈ ડાહ્યાભાઈ કોટવાળ

ત્રણેય રહે.સીસોદરા(મેઘાઈ),તા.મેઘરજ,જી.અરવલ્લી

---

ગુનો: **ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટ-૧૩૫ મુજબ**

---

**ફરીયાદપક્ષે :** વિદ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિદ્વાન વકીલશ્રી એ.બી.વાળંદ

-----------------------------------------------

**o હુ ક મ o**

(૧) આ કામના આરોપી સામે મેઘરજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં . ૧૧૧૮૮૦૦૭૨૫૦૧૪૭/૨૦૨૫ તા. ૦૯/૧૦/૨૦૨૫ ના રોજ ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ- ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનાં ગુન્હા ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) **ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::-**

સદર કામે કોલમ નંબર (૧) માં જણાવેલ આરોપીઓએ તા.૧૪/૦૩/૨૦૨૫ ના કલાક ૧૪/૦૦ વાગે મોજે સીસોદરા (મેઘાઇ) ગામે આ કામના ફરી.નાઓ હોળી નો તહેવાર હોય બુમ પાડી રમતા હોય આ કામના ત્રણેય આરોપીઓએ ફરી.ને મા-બેન સામી ગાળો બોલી કહેલ કે બુમો કેમ પાડે છે. તેમ કહેતા ફરી.એ કહેલ કે હોળી નો તહેવાર છે. બુમો પાડીશ તેમ કહેતા આરોપી નં ૨ નાઓ તેના હાથમાં લાકડી લઇ આવી લાકડીનો એક ફટકો ફરી.ને જમણા ગાલથી ઉપરના ભાગે મારી તેમજ આરોપી નં ૧ નાઓ હાથમાં લાકડી લઇ દોડી આવી લાકડીનો એક ફટકો ફરી.ને જમણી આંખની ઉપરના ભાગે કપાડમાં મારી ત્રણેય આરોપીઓએ ફરી.ને મા-બેન સામી ગાળો બોલી શરીરે ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી જીલ્લા મેજી.સા.ના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી. અદાલતની હકુમતમાં ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨),૫૪

તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરતા, તે અંગેની ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) <u>**કોર્ટ કાર્યવાહી :–**</u>

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૧૭૩ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૧૯૩ મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૧૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામા આવેલ છે. તે જોતાં ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ– ૧૧૫(૨), ૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ આરોપી સામેનો કેસ છે. ત્યારબાદ આ કામે આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૩૦ પ્રમાણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આંક–૦૫ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીની આંક–૦૬ થી આંક– ૦૮ લગત પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

## **// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી બાબુભાઈ મસુરભાઈ ડાભીની જુબાની | ૧૦ |
| ૦૨ | ફરિયાદ | ૧૧ |
| ૦૩ | સાહેદ મોહનભાઈ મસુરભાઈ ડાભીની જુબાની | ૧૨ |
| ૦૪ | પંચનામા | ૧૩ |
| ૦૫ | ગુનામાં વપરાયેલ હથિયારનું પંચનામું | ૧૪ |
| ૦૬ | મેડીકલ સર્ટી | ૧૫ |

(૫) ફરીયાદીને વધુ પુરાવો આપવા માંગતા નથી તેવી લેખિત પુરાવા બંધની પુરશીશ આંક–૧૬ થી રજુ કરતાં ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસેલા નથી.

(૬) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ હેઠળ આરોપીઓનુ વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો ન હોય, આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામ બંને પક્ષોની દલીલ પર રાખવામાં આવેલ છે.

(૭) ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પીશ્રીને તથા આરોપીઓ તરફે તેમના વિ. વકીલ શ્રીની વિસ્તૃત દલીલો મૌખિકમાં સાંભળવામાં આવી.

(૮) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ શંકાથી પરે હકીકત પુરવાર કરી શકે છે કે,કોલમ નંબર (૧) માં જણાવેલ આરોપીઓએ તા.૧૪/૦૩/૨૦૨૫ ના કલાક ૧૪/૦૦ વાગે મોજે સીસોદરા (મેઘાઇ) ગામે આ કામના ફરી.નાઓ હોળી નો તહેવાર હોય બુમ પાડી રમતા હોય આ કામના ત્રણેય આરોપીઓએ ફરી.ને મા-બેન સામી ગાળો બોલી કહેલ કે બુમો કેમ પાડે છે. તેમ કહેતા ફરી.એ કહેલ કે હોળી નો તહેવાર છે. બુમો પાડીશ તેમ કહેતા આરોપી નં ૨ નાઓ તેના હાથમાં લાકડી લઇ આવી લાકડીનો એક ફટકો ફરી.ને જમણા ગાલથી ઉપરના ભાગે મારી તેમજ આરોપી નં ૧ નાઓ હાથમાં લાકડી લઇ દોડી આવી લાકડીનો એક ફટકો ફરી.ને જમણી આંખની ઉપરના ભાગે કપાડમાં મારી ત્રણેય આરોપીઓએ ફરી.ને મા-બેન સામી ગાળો બોલી શરીરે ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી જીલ્લા મેજી.સા.ના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી.અદાલતની હકુમતમાં ભારતીય ન્યાય સંહીતા- ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શીક્ષાનો પાત્ર ગુન્હો કરેલ છે **?** | નકારમાં |
| ૨. | શું હુકમ **?** | આખરી હુકમ મુજબ |

**<u>૦ મુદ્દા નં.૧ ના નિર્ણયના કારણો ૦</u>**

(૯) **-:: પુરાવાનુ મુલ્યાંકન ::-**

**<u>મુદાની ચર્ચા :–</u>**

અદાલતે ફોજદારી કેસના ન્યાય–નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી ઓ પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીઓ નું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપીઓ ઉપર રહે છે.

૬) આરોપીઓએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સં જોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીઓએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર "Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલ ે કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **''Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous''** એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડેન્સ એકટની કલમ-૧૦૧ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

**(૧૦) <u>ફરિયાદી તથા સાહેદ નો પુરાવો :-</u>**

ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક–૧૦** થી ફરિયાદી બાબુભાઈ મસુરભાઈ ડાભીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,'' બનાવ આજથી આશરે એક વર્ષ અગાઉ બપોરના બે એક વાગ્યે મારા ઘરથી દુર આવેલ ઉદાભાઈનાઓના ઘરે મારા ભાઈ મોહનભાઈ સાથે બનેલો. બનાવ સમયે આરોપીઓ સાથે મારા ભાઈ મોહનભાઈને સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલુ નહીં. આ સામાન્ય બોલાચાલી બાબતે મે મેઘરજ પોલીસ મથકે ફરીયાદ આપેલી. જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં મારી સહી છે જે ઓળખુ છુ. જે ફરીયાદની ખરી નકલને આંકે પાડવા બચાવપક્ષને વાંધો ન હોય રજુ દાખલ **આંક.૧૧** આપવામાં આવે છે."

ફરિયાદી તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ ફરિયાદી તેમની ફરિયાદ સમર્થન કરતા નથી. જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકત કબુલ રાખે છે કે, '' એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે મારા ભાઈ મોહનભાઈને સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓએ મારા ભાઈ મોહનભાઈને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. એ વાત ખરી છે કે, આરોપીઓએ બનાવ સમયે મારા ભાઈ મોહનભાઈને કોઈ ગાળો બોલેલી નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે ઘણા લોકો ભેગા થયેલા હોઈ કોણ શું બોલતુ હતુ અને કોના હાથમાં શુ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે ઘણા લોકો ભેગા થતાં ધકકા મુક્કી થવાના કારણે મારા ભાઈ મોહનભાઈને પડી જવાના કારણે જમણા ગાલના ઉપરના ભાગે તથા જમણી આંખની ઉપરના ભાગે કપાડમાં સામાન્ય ઈજા થયેલી. એ વાત ખરી છે કે બનાવ બાદ પડી જવાથી ઈજા થયેલી ઈજા સબંધે ડૉ. શ્રીનાઓએ મે કે મારા

કુટુંબીજનોએ બનાવ સબંધે કોઈ હીસ્ટરી આપેલ નથી કે ર્ડા. શ્રીએ પુછેલ નથી. એ વાત ખરી છે કે મે કે મારા કુટુંબીજનોએ આરોપીઓ પાસે કોઈ હથિયાર જોયેલ નથી. એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી થતાં ગેર સમજ થતાં મે ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે પોલીસે બનાવ સબંધે પોલીસે માત્ર મારૂ નામ સરનામુ પુછેલ તે સિવાય બીજી કોઈ હકીકત મને પુછેલ નહી કે મે લખાવેલ નહી. એ વાત ખરી છે કે આંક ૧૧ વાળી ફરીયાદમાં મે માત્ર સહી કરેલી તે સિવાય બીજી કોઈ હકીકત મે લખાવેલ નહી. ''

ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક–૧૨** થી સાહેદ મોહનભાઈ મસુરભાઈ ડાભીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,'' બનાવ આજથી આશરે એક વર્ષ અગાઉ બપોરના બે એક વાગ્યે મારા ઘરથી દુર આવેલ ઉદાભાઈનાઓના ઘરે મારી સાથે બનેલો. બનાવ સમયે આરોપીઓ સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલુ નહીં. આ સામાન્ય બોલાચાલી બાબતે મારા ભાઈ બાબુભાઈનાઓએ મેઘરજ પોલીસ મથકે ફરીયાદ આપેલી. જે ફરીયાદ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો. ''

સાહેદ તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ સાહેદ તેમની ફરિયાદ સમર્થન કરતા નથી. જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે,'' એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓએ મને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. એ વાત ખરી છે કે, આરોપીઓએ બનાવ સમયે મને કોઈ ગાળો બોલેલી નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકી

આપેલી નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે ધણા લોકો ભેગા થયેલા હોઈ કોણ શું બોલતુ હતુ અને કોના હાથમાં શુ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે ઘણા લોકો ભેગા થતાં ધકકા મુકકી થવાના કારણે મને પડી જવાના કારણે જમણા ગાલના ઉપરના ભાગે તથા જમણી આંખની ઉપરના ભાગે કપાડમાં સામાન્ય ઈજા થયેલી. એ વાત ખરી છે કે બનાવ બાદ પડી જવાથી ઈજા થયેલી ઈજા સબંધે ડૉ. શ્રીનાઓએ મે કે મારા કુટુંબીજનોએ બનાવ સબંધે કોઈ હીસ્ટરી આપેલ નથી કે ડાૅ. શ્રીએ પુછેલ નથી. એ વાત ખરી છે કે મે કે મારા કુટુંબીજનોએ આરોપીઓ પાસે કોઈ હથિયાર જોયેલ નથી. એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી થતાં ગેર સમજ થતાં મારા ભાઈ બાબુભાઈનાઓએ ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે પોલીસે બનાવ સબંધે પોલીસે માત્ર મારૂ નામ સરનામું પુછેલ તે સિવાય બીજી કોઈ હકીકત મને પુછેલ નહી કે મે લખાવેલ નહી.''

**(૧૧)** આમ આ કામે ફરિયાદપક્ષના પુરાવાને ઘ્યાને લેવામાં આવે તો આ કામે આરોપીઓ દવારા કોઈ વ્યથા પહોચાડવામાં આવેલ છે કે કેમ તે બાબતે કોઈ નકકર હકીકત ફલીત થતી નથી ત્યારે આ કામે આરોપીઓ દવારા ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૧૫(૨) મુજબનો ગુનો પુરવાર કરતી કોઈ નકકર હકીકત ફરિયાદપક્ષ સાબીત કરવામાં નિષ્ફળ જતા હોય આ કામે આરોપીની ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨) મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવવાની અરજી જણાય છે.

**(૧૨)** આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૫૨ મુજબનું તહોમત છે. હાલનાઅ આરોપીઓ દ્વારા તેઓને કોઇ ગાળો કે અપશબ્દ બોલેલ છે કે કેમ તે બાબતે કોઇ નક્કર હકીકત ફલીત થતી નથી. તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૫૨ અન્વયે AIR 2014 SC 957, Fiona Shrikhande V/S. State of

Maharashtra & Another ના ચુકાદામાં પ્રસ્થાપિત સિંધ્ધાતો મુજબ હાલના આરોપી દ્ધારા તેઓને અપમાનીત કરવાના ઈરાદા સાથે આવા અપશબ્દો બોલવામાં આવેલ હોવા બાબતે કોઇ નક્કર પુરાવો આ કામે ફરીયાદી કે અન્ય સાહેદ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલા છે. તે સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ– ૩૫૨ મુજબનું તહોમત સાબિત કરવામાં સંપૂર્ણ પણે નિષ્ફળ જતા હોઈ નિર્દોષ ઠરાવવા ન્યાયોચિત જણાય છે.

**(૧૩)** ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપવાનું તહોમત છે જે અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરતા પહેલા ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૫૧ ( ૨ ) વંચાણે લ ેવામાં આવે તો, '' જો ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની, આજીવન કેદની અથવા ૭ વર્ષની મુદતની કેદની શિક્ષાપાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી ચારિત્ર હિંસા આડ મુકવાની હોય'' આ કામે ફરિયાદીની જુબાની વંચાણે લેતા બનાવ સમયે આરોપી દવારા ફરિયાદી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલ કે અન્ય કોઈ પણ પ્રકારની ધમકી આપવામાં આવેલ હોય તેમજ તેવી ધમકીના કારણે ફરિયાદી કાર્યો કરવા માટે કાયદેસરના અધિકૃત ન હોય તેમજ તેવુ કૃત્ય કરવા બીકના કારણે ફરજ પડેલ હોય તેમજ જે કાર્ય કરવાનો સદરહુ ફરિયાદી ની કાયદેસરની ફરજ હતી તેવુ કૃત્ય આરોપીની ધમકીની બીકના કારણે કરેલ ન હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કલમની જોગવાઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા **Jivanbhai Devjibhai Bhogayata Vs. Mohanbhai Purshottam Mokariya Brahmin and Ors. [2015] 0 Supreme (Guj) 192** ના ચુકાદામાં ગુના સબબ પ્રસ્થાપિત સિંધ્ધાંત

મુજબ કોઈ ભયજનક પરિસ્થિતી ફરિયાદીને જણાવેલ હોવા બાબતે કોઈ હકીકત પુરવાર કરવામાં આવેલ નથી ત્યારે હાલના સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૫૧ ( ૨ ) મુજબનુ તહોમત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૧૪)**વધુમાં હાલના કામે આરોપીની સામે આક્ષેપ કરવામાં આવેલ અને આરોપીની સામે કરવામાં આવેલ ચાર્જ બાબતેની બોમ્બે (ગુજરાત) પોલીસ એકટની કલમ–૧૩૫ની સાબીત અર્થે ચર્ચા કરીએ તો કલમ–૧૩૫ નીચે મુજબ વર્ણવી શકાય.

<u>કલમ:–૧૩૫ કલમ–૩૭,૩૯ અથવા ૪૦ મુજબના નિયમો અથવા હુકમોનું ઉલ્લઘન કરવા બદલ શિક્ષા:–</u>

'' કલમો ૩૭, ૩૯ અથવા ૪૦ મુજબ કાયદેસર રીતે કરવામાં આવેલા કોઈ પણ હુકમનું પાલન કરનાર અથવા તેનુ પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, નીચે મુજબની શિક્ષા થશે.

(૧) જે હુકમનું પાલન ન કરવામાં આવ્યુ અથવા જેનું પાલન ન કરવામાં મદદ કરવામાં આવી હોય તે હુકમો જો કલમ–૩૭ની પેટા કલમ (૧) મુજબ અથવા કલમ–૩૯ અથવા કલમ–૪૦ મુજબ કરવામા આવ્યોહોય તો તેને એક વર્ષની મુદત સુધીની કેદની, પરંતુ તે શિક્ષા લેખિત કારણ આપ્યા હોય તે સિવાય, ચાર મહિનાની મુદતથી ઓછી હોવી જોઈએ નહી અને તે દંડને પણ પાત્ર થશે અને

(૨) સદરહુ કલમ–૩૭ ની પેટા કલમ–(૨) મુજબ કરવામાં આવ્યો હોય તો એક મહીના સુધીની મુદતની કેદની અથવા સો રૂપિયા સુધીની દંડની, અને

(૩) જો સદરહુ કલમ–૩૭ની પેટા કલમ–(૩) મુજબ કરવામાં આવ્યો હોય તો, સો રૂપિયા સુધીના દંડની.

આથી ઉપરોકત મુજબની કાયદાકીય જોગવાઈઓ નજર સમક્ષ રાખીને હાલના કામે રેકર્ડ પર આવેલા પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, હાલના કામે મહે.જીલ્લા મેજી.સાહેબશ્રીનું જાહેરનામું રજુ કરવામાં આવેલ નથી. જેથી હાલના કામે સદર જાહેરનામું સાબિત કરવાની રીતે જે ગુજરાત પોલીસ એકટ (જુનો બોમ્બે પોલીસ એકટ) ની કલમ–૧૫૫માં કરવામાં આવેલી છે તે મુજબ '' આ અધિનિયમની કોઈ જોગવાઈ મુજબ પ્રસિધ્ધ કરેલો અથવા કાઢેલો કોઈ હુકમ અથવા જાહેરનામું સાબિત કરવુ હોય ત્યારે એવા હુકમ અથવા કોઈ એવા હુકમની અથવા જાહેરનામાંની રાજપત્રમાં ની એક નકલ હાજર કરીને અથવા અધિકારીએ તેમાં સહી કરી પ્ર માણપત્ર લખ્યુ હોય તેની ખરી નકલ રજુ કરીને સાબિત કરવાનો અધિકાર છે તે બાબતે ફરિયાદપક્ષ તરફે બનાવના દિવસે જાહેરનામું અમલવારીમાં હતુ કે કેમ તે દર્શાવતો કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જીલ્લા મેજી.કચેરી દવારા બી.પી.એકટની કલમ–૩૭(૧) અન્વયે સબંધીત જીલ્લા મેજી. કચેરીનાઓનું જાહેરનામું આ કામે રજુ થયેલ છે દલીલ ખાતર એમ માની લ ેવામાં આવે કે જાહેરનામું અમલમાં હતુ તો બનાવના સ્થળે અને સમયે બોમ્બે પોલીસ એકટની કલમ–૩૭ની જોગવાઈ મુજબ, યોગ્ય રીતે પ્રસિધ્ધી (Public promulgation) થયેલ હતી કે કેમ? તે હકીકત

ફરિયાદપક્ષે રેકર્ડ ઉપરથી પુરવાર થયેલ નથી, કારણકે બોમ્બે પોલીસ એકટની કલમ-૩૭ ની જોગવાઈ ધ્યાને લેતા તે કલમ હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામાની તે જોગવાઈમાં જણાવ્યા મુજબ સાર્વજનિક ઘોષણા (Public promulgation) થવી જરૂરી છે, અને તે સાર્વજનિક ઘોષણાની હકીકત જો રેકર્ડ પરથી સાબિત ન થાય તો, તેવા જાહેરનામાના ભંગ માટે સાર્વજનિક ઘોષણાનું અનુમાન માત્ર તે રજુ થયેલ જાહેરનામાના આધારે આરોપીને બોમ્બે પોલીસ એકટની કલમ-૧૩૫ ના ગુન્હા માટે તકશીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૫)** આમ ઉપર કરેલ ચર્ચા મુજબ રેકર્ડ ઉપરની હકીકતો અને ફરીયાદપક્ષના પડેલ પુરાવાઓનુ બારીકાઈથી વિશ્લેષણ કરતા ફરીયાદ પક્ષ આરોપી ઓ વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવુ માનવાને કારણ રહે છે. જેથી પડેલ પુરાવા આધારે આરોપી વિરુધ્ધના ફરીયાદ મુજબના આક્ષેપો લેશમાત્ર પુરવાર થતા ન હોય, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**૦ <u>આખરી હુકમ</u> ૦**

**(૧)** આ કામે મેઘરજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં .૧૧૧૮૮૦૦૭૨૫૦૧૪૭/૨૦૨૫ ના કામે (૧)ઉદાભાઈ પુંજાભાઈ કોટવાળ (૨)લાલાભાઈ સ/ઓ રાયચંદભાઈ ડાહ્યાભાઈ કોટવાળ (૩)સુખીબેન વા/ઓ રાયચંદભાઈ ડાહ્યાભાઈ કોટવાળ, ત્રણેય રહે.સીસોદરા(મેઘાઈ), તા.મેઘરજ, જી.અરવલ્લી. નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય

સંહીતા–૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે કરેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નીયમોનુસાર નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ આખરી આજરોજ મેઘરજમાં તા. ૧૬મી, માહે–મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૧૬/૦૫/૨૦૨૬<br>**સ્થળ : મેઘરજ** | **(હેમોરસિંહ મનુભાઈ પરમાર)**<br>**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**<br>**મેઘરજ**<br>**(કોડ નં.જી.જે.૦૧૨૭૬)** |